RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

Website
flamingoclubresort.com
Contact
+91 98244 21700
+91 95589 87734
+91 99241 21700
Flamingo
Club & Resort
Starting Soon
Delwada-Diu Road, Una.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૬, ◆ અંક: ૧૨, ◆ સળંગ અંક: ૭૨, ◆ તા.૧૫/૧૦/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના
e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

# ત્રિમાસિક કરદાતાઓ માટે સપ્ટેમ્બર મહિનાનું GSTR 3B રિટર્ન છે અતિ મહત્વનું

## જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ ક્લેઈમ કરવાની મુદત ૩૦ નવમ્બર સુધી વધારવામાં આવી છે પરંતુ QRMPનો લાભ લેતા ત્રિમાસિક કરદાતાઓએ આ ક્રેડિટ સપ્ટેમ્બર મહિનામાં લેવી છે અનિવાર્ય

તા. ૧૧.૧૦.૨૦૨૨

By ભવ્ય પોપટ

જી.એસ.ટી. હેઠળ રિવાઈઝ રિટર્ન ભરવાની કોઈ સગવડ કરદાતાને આપવામાં આવી નથી. કરદાતા દ્વારા પોતાના દ્વારા થયેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની ચૂક તથા વેચાણની વિગતો દર્શાવવામાં થયેલ ચૂક ત્યાર બાદના GSTR 3B તથા GSTR 1 દ્વારા સુધારી શકાય છે.

**શું છે GSTR 3B?**

સામાન્ય વેપારીઓ/કરદાતાઓ પોતે પોતાનું જી.એસ.ટી. અંગેનું કંપલાયનસ ની કામગીરી પોતાના ટેક્સ એડવોકેટ/CA/ટેક્સ કન્સલ્ટન્ટ દ્વારા કરાવતા હોય છે. ક્યારેક વેપારીઓને GSTR 3B શું છે એ ધ્યાને હોતું નથી. GSTR 3B એ જી.એસ.ટી. કાયદા હેઠળનું પત્રક છે જેમાં વેપારીઓએ પોતાની જી.એસ.ટી. અંગેની આઉટપુટ જવાબદારી દર્શાવવાની રહેતી હોય છે. આ ઉપરાંત આ GSTR 3B દ્વારા પોતાની ખરીદી તથા મેળવેલ સેવાઓ ઉપર લાગેલ ટેક્સની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાની રહેતી હોય છે.




**સપ્ટેમ્બર મહિનાના GSTR 3Bમાં ત્રિમાસિક રિટર્ન ભરતાં કરદાતાઓએ પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરી લેવીછે જરૂરી!!**

જી.એસ.ટી. હેઠળ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ સિવાયના કરદાતાએ પોતાનું GSTR 3B રિટર્ન પોતાના ટર્નઓવર મુજબ માસિક કે ત્રિમાસિક ભરવાનું રહે છે. આ 3B રિટર્નમાં કરદાતાઓએ પોતાની ખરીદીઓ તથા મેળવેલ સેવાઓ ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાની થતી હોય છે. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) મુજબ કોઈ નાણાકીય વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવા આ ક્રેડિટ જે તે નાણાકીય વર્ષ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાના GSTR 3B ભરવાની ડ્યુ ડેઈટ (મુદત) સુધીમાં ક્લેઈમ કરવાની રહેતી હતી. આ જોગવાઈમાં મહત્વનો ફેરફાર કરી આ મુદત ૩૦ નવેમ્બર સુધી વધારવામાં આવી છે. આમ, પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા કરદાતા ૩૦ નવેમ્બર પહેલા જે GSTR 3B ભરે તેમાં આ ક્રેડિટ લઈ શકે છે. ઉદાહરણ તરીકે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એપ્રિલ મહિનાની ખરીદી (એપ્રિલ-૨૦૨૧) સામાન્ય રીતે એપ્રિલ ૨૦૨૧ ના માસિક GSTR 3B અથવા એપ્રિલ-જૂન ૨૦૨૧ના GSTR 3Bમાં ક્લેઈમ કરવામાં આવતી હોય છે. પરંતુ કોઈ કારણસર આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આ સમય દરમ્યાન લેવાની રહી ગઈ હોય તો આ ક્રેડિટ પછીના વર્ષના ભરવામાં આવતા ૩૦ નવેમ્બર સુધીના GSTR 3Bમાં લઈ શકાય છે. ૩૦ નવેમ્બર સુધી મુદત હોવા છતાં ત્રિમાસિક રિટર્ન કરદાતાઓ માટે જુલાઈથી સપ્ટેમ્બર માટેનું ત્રિમાસિક રિટર્નમાં આ ક્રેડિટ લેવી અનિવાર્ય છે. ત્યાર બાદ ત્રિમાસિક રિટર્ન ભરતાં કરદાતાએ ત્યાર બાદનું ક્વાટર ૩નું રિટર્ન જાન્યુઆરીમાં ભરવાનું આવે છે. ક્વાટર ૩ ના રિટર્ન ભરવામાં આ ક્રેડિટ ક્લેઈમ થઈ શકે નહીં કારણકે આ રિટર્ન ૩૦ નવેમ્બર પછી ભરવામાં આવે છે. આમ, ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગે પૂરતી ચકાસણી કરી ક્વાટર ૨ એટ્લે કે જુલાઇ થી સપ્ટેમ્બરનું રિટર્ન ભરવામાં આવે તે જરૂરી છે. ૩૦ નવેમ્બર બાદ ફાઇલ કરવામાં આવેલ GSTR 3B દ્વારા પાછલા વર્ષ માટે કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) મુજબ લઈ શકાય નહીં.

**નાણાકીય વર્ષનું વાર્ષિક રિટર્ન ભરતા પહેલા આ ક્રેડિટ ક્લેઈમ કરવી છે જરૂરી:**

સામાન્ય રીતે કરદાતા કોઈ નાણાકીય વર્ષ માટેની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધી ક્લેઈમ કરી શકે છે. પરંતુ જો કરદાતાએ પોતાનું વાર્ષિક રિટર્ન, GSTR 9, ૩૦ નવેમ્બર પહેલા પહેલા ફાઈલ કરી આપેલ છે તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાની મુદત એ તે વાર્ષિક રિટર્ન ભર્યાની મુદત સુધીમાં જ ક્લેઈમ કરી શકાશે. આ બાબત કરદાતાએ ધ્યાને લેવી ખૂબ જરૂરી છે. આમ, કરદાતાએ પોતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગે સંપૂર્ણ ખાત્રી કર્યા બાદ જ પોતાનું વાર્ષિક રિટર્ન ભરવું હિતાવહ છે. સામાન્ય રીતે જી.એસ.ટી. હેઠળ વાર્ષિક રિટર્ન ભરવાની મુદત નાણાકીય વર્ષ પછી ૩૧ ડિસેમ્બર રહેતી હોય છે. આમ, વાર્ષિક રિટર્ન ભરવામાં ઉતાવળ ના કરવામાં આવે તે જરૂરી છે.

**GSTR -1માં સુધારો કરવા માટે સપ્ટેમ્બરનું રિટર્ન છે મહત્વનું:**

કરદાતા દ્વારા પોતાની આઉટવર્ડ સપ્લાય (વેચાણો) દર્શાવતુ ફોર્મ GSTR 1, ટર્નઓવર મુજબ માસિક કે ત્રિમાસિક ભરવાનું રહે છે. આ ફોર્મમાં કરવાના થતાં સુધારા બાબતે પણ સપ્ટેમ્બર મહિનો ખૂબ અગત્યનો રહેતો હોય છે. GSTR 1 દ્વારા વેચાણ અંગેની વિગતોમાં સુધારો કરવા માટેની મુદતમાં પણ ૩૦ નવેમ્બર સુધીનો વધારો કરવામાં આવ્યો છે. પરંતુ ત્રિમાસિક GSTR 1 ભરતાં કરદાતાઓ એ જો કોઈ વેચાણમાં B2Cનો સુધારો એટ્લે કે જી.એસ.ટી. નંબર ના ધરાવતા વ્યક્તિ માટે કરવાનું થતું હોય ત્યારે આ સુધારો માત્ર સપ્ટેમ્બર મહિનાના ત્રિમાસિક રિટર્ન સુધી જ થઈ શકે છે. હા, B2B અંગેના ફેરફારો કરવાની તક ૩૦ નવેમ્બર સુધીના IFF માં મળી શકે છે પરંતુ B2C માટેના ફેરફારો જુલાઈથી સપ્ટેમ્બરના GSTR 1માં કરી આપવામાં આવે તે જરૂરી છે. કોઈ વેચાણ B2B હોય અને ભૂલ થી B2Cમાં દર્શાવવામાં આવ્યું હોય, વેચાણની રકમ ખોટી દર્શાવાય ગઈ હોય, વેચાણ ઉપર ક્રેડિટ-ડેબિટ નોટની વિગત ખોટી દર્શાવેલ હોય આ તમામ પ્રકારની ભૂલો સુધારવની તક આ સપ્ટેમ્બર મહિનામાં રહેતી હોય છે. આમ, સપ્ટેમ્બર મહિનાના GSTR 1 ભરવામાં વિશેષ કાળજી લેવી કરદાતા માટે જરૂરી રહેતી હોય છે. જો આ ભૂલો સુધારવની રહી જાય તો કરદાતા તથા તેમના ખરીદનાર ઉપર તેની ગંભીર અસર પડી શકે છે.

**જી.એસ.ટી. રિટર્નમાં થયેલ ક્લેરિકલ ભૂલ સુધારવા માટે પણ સપ્ટેમ્બર રિટર્ન છે મહત્વનુ:**

જી.એસ.ટી. હેઠળ પાછલા નાણાકીય વર્ષના રિટર્ન ભરવામાં કોઈ ટેકનિકલ ભૂલ થયેલ હોય, ક્લેરિકલ ભૂલ થયેલ હોય આ તમામ ભૂલો સુધારવામાં પણ સપ્ટેમ્બરનું રિટર્ન મહત્વનું ગણાય છે. ખાસ કરીને ત્રિમાસિક રિટર્ન ભરતાં કરદાતાઓ માટે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ક્લેરિકલ ભૂલ સુધારવા સપ્ટેમ્બર મહિનો અતિ મહત્વનો ગણાઈ છે.

જી.એસ.ટી. હેઠળ સંપ્ટેમ્બરનું ત્રિમાસિક GSTR 1 તથા GSTR 3B રિટર્ન ખૂબ મહત્વ ધરાવે છે. માસિક રિટર્ન ભરતાં કરદાતા માટે હજુ ૩૦ નવેમ્બર સુધી આ સુધારા વધારા કરવાની તક રહેતી હોય છે. આ રિટર્ન ભરવામાં વધુમાં વધુ સાવધાની રાખવી કરદાતા માટે જરૂરી છે. પાછલા નાણાકીય વર્ષના તમામ ફેરફાર આ રિટર્નમાં કરી આપવામાં આવે તો કરદાતાઓને આકારણીમાં સરળતા રહેતી હોય છે. કરદાતાઓ આ અંગેની ગંભીરતા સમજે તે ખાસ જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૦.૧૦.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**


# વેટ હેઠળ બાકી લેણા અંગે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવી માફી યોજના!! શું તમને મળશે આ યોજનાથી કોઈ લાભ???

## જી.એસ.ટી.માં "માઈગ્રેટ" થયા હોય અને ધંધો ચાલુ હોય તેવા વેપારીઓ માટે આ યોજનામાં નથી કોઈ લાભ

તા. ૦૬.૧૦.૨૦૨૨: ગુજરાત સરકાર દ્વારા વેચાણ વેરા, મૂલ્ય વર્ધિત વેરા તથા કેન્દ્રિય વેચાણ વેરા હેઠળ જૂની બાકી માંગણા સંદર્ભે મહત્વની રાહત આપવામાં આવી છે. આ અંગેનો ઠરાવ ૦૬ ઓક્ટોબરના રોજ બહાર પાડવામાં આવ્યો છે. આ ઠરાવની મુખ્ય જોગવાઈ નીચે મુજબ છે.

**આ યોજનાની મહત્વની જોગવાઈઓ નીચે મુજબ છે.**

- આ યોજના હેઠળ ગુજરાત વેચાણ વેરા અધિનિયમ ૧૯૬૯, કેન્દ્રિય વેચાણવેરા અધિનિયમ ૧૯૫૬ તથા ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ કાયદા હેઠળ પસાર કરવામાં આવેલ આકારણી, ઓડિટ આકારણી, ફેર આકારણી, ફેર તપસ, ઈસ્યુ બેઈઝ આકારણી, ભૂલ સુધારણા આદેશને લાગુ પડશે.
- આ યોજના હેઠળ નાણાકીય મર્યાદાની ગણતરી માટે ત્રણે કાયદાને અલગ અલગ રીતે ગણવાના રહેશે.
- ઉપરોક્ત કાયદા અન્વયે ૩૧.૦૮.૨૦૨૨ સુધી પસાર કરવામાં આવેલ આદેશોને આ યોજના હેઠળ ધ્યાને લેવાના રહેશે.
- ૦૧.૦૯.૨૦૨૨ પહેલા રાજ્ય વેરા વિભાગ દ્વારા કોઈ આકારણી, ફેર આકારણી, ફેર તપાસ, ભૂલ સુધારણા અથવા ઈસ્યુ બેઈઝ આકારણીની કાર્યવાહી પડતર હોય તે વેપારીને આ યોજનાનો લાભ મળશે નહીં.



- ૩૧.૦૩.૨૦૦૬ સુધીના વ્યવહારો માટે ગુજરાત વેચાણ વેરા અધિનિયમ તથા કેન્દ્રિય વેચાણ વેરા અધિનિયમ હેઠળ ઉપસ્થિત થયેલ ડિમાન્ડ પૈકી જે જે વર્ષ માટે આખરી આદેશ મુજબ ડિમાન્ડ ૧ લાખથી વધુ ના હોય તેવા દરેક વર્ષ માટે વેપારીને આ યોજનાનો લાભ મળશે.
- ૦૧.૦૪.૨૦૦૬ થી ૩૧.૦૩.૨૦૧૭ (ખરેખર ૩૦.૦૬.૨૦૧૭ હોવું જોઈએ) સુધીના વ્યવહારો માટે ગુજરાત વેલ્યૂ એેડડ ટેક્સ કાયદા તથા કેન્દ્રિય વેચાણ વેરા કાયદા હેઠળ પ્રત્યેક કાયદા દીઠ તમામ વર્ષોની કુલ ડિમાન્ડ ૫૦૦૦૦ થી વધુ ના હોય તેવા કરદાતાઓ ને આ યોજના હેઠળ લાભ મળશે.
- આ યોજના હેઠળ ઉપસ્થિત થયેલ ડિમાન્ડનો અર્થ આખરી આદેશ મુજબની વેરા, વ્યાજ તથા દંડ એમ ત્રણે સહિતની કુલ રકમને ગણવાની રહેશે.
- કોઈ આકારણી આદેશમાં માત્ર દંડ તથા વ્યાજનો જ આદેશ થયેલ હોય તેવા કિસ્સઓમાં પણ આ યોજના લાગુ પડશે.
- માલનું વેચાણ કર્યા વગર માત્ર વેચાણ બિલો આપવામાં આવ્યા હોય તેવા બોગસ બિલિંગના કેસોને આ યોજના લાગુ પડશે નહીં.
- આ યોજના માત્ર એવા વેપારીઓને લાગુ પડશે જેઓ જી.એસ.ટી. હેઠળ "માઈગ્રેટ" થયેલ નથી તથા આ યોજનાના ઠરાવની તારીખે તેઓનો ધંધો બંધ છે તો જ આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.
- જે વેપારીઓને ભારત સરકારે ભાગેડુ જાહેર કર્યા હોય તેઓના સંદર્ભે આ યોજનાનો લાભ મળવા પાત્ર નથી.
- આ યોજના હેઠળ આકારણી, ઓડિટ આકારણી, ફેર આકારણી, ફેર તપસ, ઈસ્યુ બેઈઝ આકારણી, ભૂલ સુધારણા આદેશ સામે અપીલ પડતર હોય તે અપીલ સત્તાધિકારી દ્વારા અપીલ દફતરે કરવાની રહેશે.
- જો કોઈ વેપારી પોતાની પડતર અપીલ દફતરે કરાવવા ના માંગતા હોય અને આગળ ચલાવવા માંગતા હોય અને આ યોજના હેઠળ લાભ ના લેવા માંગતા હોય તેઓએ આ તારની તારીખથી દિન ૩૦ માં સંબંધિત અપીલ અધિકારીને આ અંગે લેખિત જાણ કરવાની રહેશે.
- આ યોજના હેઠળ લાભ આપવામાં આવે ત્યારે કોઈ રિફંડ ઉપસ્થિત થાય તો કોઈ રિફંડ વેપારીને મળવા પાત્ર થશે નહીં.
- આ યોજનાનો લાભ લેવા વેપારીએ કોઈ અરજી કરવાની રહેતી નથી. અધિકારી દ્વારા આ ઠરાવ મુજબની શરતો ચકાસી આ યોજનાનો લાભ વેપારીને આપવાનો થાય છે. છેલ્લા ઘણા સમયથી રાજ્ય વેરા ખાતા દ્વારા વસૂલાતની ઝુંબેશ હાથ

(અનુસંધાન ત્રીજા પાને)

ટેક્સ ટુડે પરિવારના સભ્ય શ્રી રાજભાઈ તન્નાની ગુજરાત હાઈકોર્ટમાં મદદનિશ સરકારી વકીલ (AGP) તરીકે નિમણૂંક થતાં સૌ મિત્રો ગૌરવ અનુભવે છે તથા તેઓને હાર્દિક શુભેચ્છા પાઠવે છે



-: શુભેચ્છક :-
ટેક્સ ટુડે પરિવાર

શ્રી ભરતભાઈ શેઠને ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટની ડાયરેક્ટ ટેક્સ કમિટીના ચેરમેન તરીકે નિયુક્તિ થવા બદલ હાર્દિક શુભેચ્છા



-: શુભેચ્છક :-
ટેક્સ ટુડે પરિવાર

હાર્દિક અભિનંદન



હોતચંદ (પપુભાઇ) સોમજાણી
રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
અખિલ ભારતીય લાડી
લોહાણા સિંધી પંચાયત



સુનિલભાઈ મુલચંદાની
રાષ્ટ્રીય ઉપ સચિવ
અખિલ ભારતીય લાડી
લોહાણા સિંધી પંચાયત

ઉના ખાતે અખિલ ભારતીય લાડી લોહાણા સિંધી પંચાયતનું ૩૯ મુ અધીવેશન ભવ્ય રીતે યોજવામાં આવેલ. જેમાં ઉનાના વરિષ્ઠ વેપારી અગ્રણી અને પીપલ્સ બેંકના પૂર્વ વા.ચેરમેન એવા હોતચંદ (પપુભાઇ) સોમજાણીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ઉના શહેર ભાજપ મહામંત્રી અને વેપારી અગ્રણી સુનિલભાઈ મુલચંદાની ને રાષ્ટ્રીય ઉપ સચિવ બનવા બદલ ખુબ ખુબ અભિનંદન....

-: શુભેચ્છક :-
ટેક્સ ટુડે પરિવાર

હાર્દિક અભિનંદન



વિજયભાઈ કે. જોશી
પ્રમુખ - ઉના સમસ્ત બ્રહ્મ સમાજ

ઉના સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે વેપારી અગ્રણી અને ઉદ્યોગપતિ વિજય મેડિકલ ગ્રૂપના વિજયભાઈ કે. જોશી ની બિનહરીફ વરણી થવા બદલ ખુબ ખુબ અભિનંદન...

-: શુભેચ્છક :-
ટેક્સ ટુડે પરિવાર

# દ્વારકાની હોટેલ લેમન ટ્રી ખાતે નેશનલ ટેક્સ કોન્ફરન્સનું આયોજન






તા. ૦૨.૧૦.૨૦૨૨: દ્વારકાની પાવનભૂમિ ઉપર ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટીશનર્સ, નેશનલ એસોસીએશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ દ્વારા નેશનલ ટેક્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. ના વિવિધ વિષયો ઉપર તજજ્ઞો દ્વારા વક્તવ્યો આપવામાં આવ્યા હતા. અમદાવાદના સિનિયર એડવોકેટ તુષાર હેમાણી દ્વારા ઈન્કમ ટેક્સ હેઠળ રી એસેસમેંટ ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. અમદાવાદના જાણીતા એડવોકેટ ઉચિત શેઠ દ્વારા જી.એસ.ટી. હેઠળ ઓસન ફ્રેઈટ તથા જમીન-મકાનના વેચાણ ઉપર જી.એસ.ટી.ની જોગવાઈ ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ હેઠળ ૦૧ જુલાઈ ૨૦૨૨થી લાગુ થયેલ 194Rની જોગવાઈ ઉપર અમદાવાદના સિનિયર એડવોકેટ સૌરભ સોપારકાર દ્વારા વક્તવ્ય આપવામાં આવ્યું હતું. દિલ્હી હાઈકોર્ટના એડવોકેટ જે કે મિત્તલ દ્વારા જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટની અંગેની ચર્ચાસ્પદ જોગવાઈઓ વિષે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં દેશભરથી પધારેલા ડેલિગેટ્સ ગરબાની તાલે ઘુમ્યા હતા. નેશનલ ટેક્સ કોન્ફરન્સના ચેરમેન તરીકે ઓલ ઈન્ડિયા ફેડરેશનના નેશનલ પ્રેસિડંટ ડી.કે ગાંધી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. નેશનલ એસોસીએશનના ડેપ્યુટી પ્રેસિડંટ અમિત દવે આ ઉપરાંત ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સના પૂર્વ પ્રમુખ પી.સી. જોશી, ગણેશ પુરોહિત, પ્રેમલતા બંસલ, નિકિતા બધેકા, એમ.એસ.રાવ સહિત મોટી સંખ્યામાં વરિષ્ઠ સભ્યો હાજર રહ્યા હતા. દેશના ૧૫ થી વધુ રાજ્યોમાંથી ૩૦૦થી વધુ ડેલિગેટ્સ હાજર રહ્યા હતા. નેશનલ ટેક્સ કોન્ફરન્સને સફળ બનાવવા સહ આયોજક તરીકે ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન, ટેક્સ એડવોકેટ એસોસીએશન ગુજરાત, ICAIની જામનગર બ્રાન્ચ, કમર્શિયલ ટેક્સ પ્રેકટિશનર્સ એસોસીએશન જામનગર, જામનગર ટેક્સ કન્સલ્ટન્ટ એસોસીએશન સહભાગી બન્યા હતા. કોન્ફરન્સ ચેરમેન ભાવિક ધોળકિયા તથા તેમની ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. જુનાગઢના વરિષ્ઠ ટેક્સ કન્સલ્ટન્ટ સમીર જાની તથા જામનગરના જાણીતા એડવોકેટ અક્ષત વ્યાસ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

**ભવ્ય પોપટ, એડિટર**

## ધંધાના સ્થળની સ્થળ તપાસ કરતાં પહેલા કરદાતાને જાણ કરવી છે જરૂરીઃ દિલ્હી હાઈકોર્ટ




તા. ૨૭.૦૯.૨૦૨૨: દિલ્હી હાઈકોર્ટ દ્વારા એક મહત્વનો ચુકાદો આપતા ઠરાવવામાં આવ્યું છે કે જી.એસ.ટી. હેઠળ કરદાતાના ધંધાના સ્થળની તપાસ કરતાં પહેલા કરદાતાને નોટિસ આપવી જરૂરી છે. M/s Curil Tradex Pvt ફર્મ વી. કમિશ્નર, દિલ્હી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ તથા અન્યો (૧૦૪૦૮/૨૦૨૨) ના કેસમાં દિલ્હી હાઈકોર્ટની બે જજોની બેન્ચ દ્વારા ઠરાવવામાં આવ્યું છે કે કરદાતાને જાણ કર્યા વગર કરવામાં આવેલ સ્થળ તપાસ એ કરદાતાના કુદરતી ન્યાયનું હનન ગણી શકાય. કરદાતાના ધંધાના સ્થળની તપાસ માત્ર તેની અથવા તેના અધિકૃત વ્યક્તિની હાજરી માંજ હાથ ધરી શકાય. પ્રસ્તુત કેસમાં અધિકારી દ્વારા કરદાતાની જાણ બહાર તેમના ધંધાના સ્થળની સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. આ સ્થળ તપાસના રિપોર્ટને આધીન કરદાતાનો નોંધણી દાખલો સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. આ સસ્પેન્શનના આદેશ સામે કરદાતાએ દિલ્હી હાઈકોર્ટમાં રિટ પિટિશન ફાઈલ કરવામાં આવી હતી. જી.એસ.ટી. હેઠળ સ્થળ તપાસના નિયમોનો અભ્યાસ કરી બન્ને પક્ષોની દલીલ સાંભળી કરદાતાની તરફેણમાં ચુકાદો આપતા ડિવિઝન બેન્ચ દ્વારા આમ ઠરાવવામાં આવ્યું હતું. જમીની સ્તરે આ પ્રકારે કરદાતાને જાણ કર્યા વગર ઘણીવાર સ્થળ તપાસ હાથ ધરવામાં આવે છે અને આ સ્થળ તપાસના રિપોર્ટને આધીન કરદાતા વિરુદ્ધ આદેશ પસાર કરવામાં આવતા હોય છે. આ ચુકાદો આ પ્રકારના કેસોમાં કરદાતાને મદદરૂપ બની શકે છે તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## હવે પાછલા વર્ષની જી.એસ.ટી. ક્રેડિટ ૩૦ નવેમ્બર સુધી લઈ શકાશે. શું ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાને નહીં મળે આ વધારાની મુદતનો લાભ??

### જી.એસ.ટી. હેઠળની બજેટ ૨૦૨૨ની તમામ જોગવાઈઓ બની ગઈ અમલી




તા. ૨૯.૦૯.૨૦૨૨: બજેટ ૨૦૨૨ માં કરવામાં આવેલ જી.એસ.ટી. અંગેના ફેરફારો પૈકી મોટાભાગના ફેરફારો અમલી બનાવવામાં આવ્યા ના હતા. ૨૮ સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે આ અંગેના નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા છે અને બજેટ ૨૦૨૨ના અમલમાં બાકી રહેલા ફેરફારોના અમલીકરણ ૦૧ ઓક્ટોબરથી લાગુ કરી આપવામાં આવ્યા છે. આ ફેરફારોમાં સૌથી મોટો ફેરફાર એ કરવામાં આવ્યા છે કે પાછલા નાણાકીય વર્ષને લગતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષમાં સપ્ટેમ્બર મહિનાના GSTR 3B ની મુદત સુધી જ લઈ શકાતી હતી. હવે આ નિયમમાં ફેરફાર કરી પાછલા વર્ષની ક્રેડિટ પછીના વર્ષના નવેમ્બર મહિના સુધી લઈ શકાશે. સરળ રીતે કહીએ તો નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ની કોઈ ક્રેડિટ લેવાની કદરદાતા દ્વારા રહી ગઈ હોય તો તેઓ આ ક્રેડિટ હવે ૩૦ નવેમ્બર સુધી લઈ શકશે. આવી જ રીતે કરદાતા દ્વારા ભરવામાં આવતું વેચાણ અંગેનું ફોર્મ GSTR 1માં પાછલા વર્ષમાં કોઈ ફેરફાર કરવા હશે તો આ ફેરફાર તેઓ હવે કાયદામાં કરવામાં આવેલ સુધારા પછી ૩૦ નવેમ્બર સુધી કરી શકાશે. આ બન્ને ફેરફારો કરદાતાઓ માટે ખૂબ આવકારદાયક ગણી શકાય. આ ફેરફારો ૦૧.૧૦.૨૦૨૨ થી અમલી બનાવવામાં આવેલ છે. નિષ્ણાતો એ બાબતે દ્વિધા અનુભવી રહ્યા છે કે ૩૦ નવેમ્બર સુધી ક્રેડિટ લેવા બાબતે માસિક રિટર્ન ભરતા કરદાતા માટે તો ચોક્કસ આવકારદાયક રહેશે પરંતુ નાના કરદાતાઓ જેઓએ ત્રિમાસિક રિટર્ન (QRMP) ભરવાનો વિકલ્પ સ્વીકારેલ હોય તેઓ નવેમ્બર મહિનામાં ક્રેડિટ કેવી રીતે લઈ શકેશે. સામાન્ય રીતે પોતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અને આઉટપુટ ટેક્સની ગણતરી કરી ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા PMT 06 દ્વારા પોતાનો સેલ્ફ એસેસમેંટ ટેક્સ ભરતા હોય છે. પરંતુ ક્રેડિટ લેજરમાં તો તેઓની ત્રીજા કવાટરની ક્રેડિટ સામાન્ય રીતે જાન્યુઆરી માંજ જમા થતી હોય છે. શું આ આવકારદાયક સુધારાનો લાભ નાના ગણી શકાય તેવા ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓને નહીં મળે?? આ પ્રશ્ન ટેક્સ નિષ્ણાંતોમાં ચર્ચાનો વિષય બની ગયો છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## અપીલ માટેની પ્રી ડિપોઝીટ 'કેશ લેજર'માંથી ભરવા આગ્રહ રાખી શકાય નહીંઃ અલ્હાબાદ હાઈકોર્ટ



તા. ૨૬.૦૯.૨૦૨૨: અલ્હાબાદ હાઈકોર્ટની સિંગલ જજ બેન્ચ દ્વારા એક મહત્વના આદેશ પસાર કરતા ઠરાવ્યું હતું કે જી.એસ.ટી હેઠળની અપીલ માટે પ્રિ ડિપોઝીટ ભરવા કેશ લેજરનો જ ઉપયોગ કરવામાં આવે તેવો આગ્રહ કરદાતા પાસે રાખી શકાય નહીં. મેં. તુલસી રામ એન્ડ કંપની વી. કમીશ્નર ઓફ જી.એસ.ટી ના કેસમાં (રિટ ટેક્સ નમ્બર ૧૨૩૭/૨૦૨૨) ના કેસમાં જી.એસ.ટી. કાયદાની કલમ ૧૦૭ (૬) અંગે અરજકર્તા તથા સરકાર એમ બન્ને પક્ષો દલીલો સાંભળી રોહિત રંજન અગ્રવાલની બેન્ચ દ્વારા આ પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું. આ કેસમાં આ કલમ ઉપરાંત CBIC ના ૦૬.૦૭.૨૦૨૨ ના સર્ક્યુલરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત કેસમાં કારદાતાની અપીલ માત્ર એ કારણે નામંજૂર કરવામાં આવી હતી લે કરદાતા દ્વારા "કેશ લેજર" માંથી અપીલની પ્રિ ડિપોઝીટ ભરી ના હતી. જો કે આ કેસમાં અરજકર્તા દ્વારા આ કેસમાં અપીલ રિજેક્ટ થયા બાદ કેશ લેજર દ્વારા પ્રિ ડિપોઝીટ ભરી આપવામાં આવી હતી. પરંતુ કોર્ટ દ્વારા જી.એસ.ટી અપીલ બાબતે આ મહત્વનો આદેશ કરી કરદાતાઓને રાહત આપવામાં આવી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## ૦૧.૧૦.૨૦૨૨ થી લાગુ ઈ ઈંવોઈસના નવા નિયમ અંગે જાણવું છે તમામ વેપારીઓ માટે જરૂરી!!



**By Prashant Makwana (Tax Consultant)**




૦૧ ઓક્ટોબર ૨૦૨૨ થી જી.એસ.ટી. હેઠળ મહત્વના ફેરફારો થવા જઈ રહ્યા છે. હાલ, ૨૦ કરોડ ઉપરના કરદાતાઓ માટે ઈ ઈંવોઈસ બનાવવું ફરજિયાત છે. હવે ૦૧ ઓક્ટોબરથી પાછલા વર્ષમાં ૧૦ કરોડ ઉપર ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે જી.એસ.ટી. હેઠળ ઈ ઈંવોઈસ બનાવવું ફરજિયાત બની જશે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭ ૧૮ થી લઈ ૨૦૨૧-૨૨ સુધી કોઈ પણ વર્ષમાં કરદાતાનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ થયું હોય તેવા કરદાતાઓએને આ ઈ ઈંવોઈસની જોગવાઈ લાગુ પડી જશે. ઈ ઈંવોઈસની સરળ સમજૂતી આપવા આ લેખમાં પ્રયાસ કરવામાં આવેલ છે.

**E-INVOICEની સરળ સમજુતી**

**(૧) E-Invoice કોને કહેવાય?**

E-INVOICE એટલે INVOICEની જરૂરી વિગત INVOICE REGISTRATION PORTAL ઉપર અપલોડ કરીને INVOICE REFRENCE NUMBER અને QR કોડ મેળવેલ હોઈ તેવા INVOICE ને E-INVOICE કહેવાય છે.

**(૨) E-Invoice ક્યારે લાગુ પડે?**

જે કરદાતાનું ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ સુધીમાં કોઈ પણ એક વર્ષમાં ૧૦ કરોડ થી વધુ હોઈ તેને ૦૧/૧૦/૨૦૨૨ થી E-INVOICE બનાવવું ફરજીયાત છે.

જો કોઈ કરદાતાનું ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૧-૨૨ સુધીમાં જે E-INVOICEની નક્કી કરેલી લીમીટ (૧૦ cr) છે તેથી ઓછું છે, પરંતુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના નવેમ્બર ૨૦૨૨માં ટર્નઓવર ૧૦ કરોડથી વધે તો તે કરદાતાને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ એટલે કે ૧-૪-૨૦૨૩ થી E-INVOICE લાગુ પડે.

એકજ પાન કાર્ડ હોય અને જો કોઈને એક પાન નંબર પર બે GST NUMBER હોય અને બંને GST NUMBER એક બીજાને માલનું વેચાણ કરતા હોય તો કરદાતાનું ટર્નઓવેર E-INVOICEની નક્કી કરેલી લીમીટથી વધુ હોય તો તેને પણ E-INVOICE લાગુ પડે.

**(૩) E-Invoice ક્યાં ડોક્યુમેન્ટ માં બનાવવું પડે?**

(1) TAX INVOICE
(2) CREDIT NOT
(3) DEBIT NOTE

- ઉપરના ડોક્યુમેન્ટ જયારે B2Bને ઈસ્યુ કરવાના હોઈ અથવા EXPORTના ટ્રાન્જેક્સનમાં E-INVOICE ફરજીયાત છે.
- B2Cના ટ્રાન્જેક્સનમાં E-INVOICE ફરજીયાત નથી.
- NILL RATE અને EXEMPTED SUPPLIESમાં E-INVOICE લાગુ નથી પડતું.

**(૪) E-Invoice લાગુ પડતું હોય ત્યારે Duplicate અને Triplicate કોપી બનવાની કે નય?**

E-INVOICE લાગુ પડતું હોય ત્યારે Duplicate અને Triplicate કોપી ઈસ્યુ કરવાની જરૂર નથી.

**(૫) E-Invoice જનરેટ કર્યું હોય ત્યારે E-Invoiceની પ્રિન્ટ કાઢેલી કોપી સાથે રાખવી જરૂરી છે?**

જયારે E-INVOICE જનરેટ કર્યું હોય ત્યારે E-INVOICEની પ્રિન્ટ કાઢેલી કોપી ટ્રાન્સપોટેશન સાથેનો હોય તો પણ ચાલે, પરંતુ મોબઈલ કે વોટસ એપમાં જે E-INVOICE હોય તેમાં QR કોડ અને INVOICE REFERENCE NUMBER હોવો જરૂરી છે.

**(૬) TAX INVOICE NUMBER અને INVOICE REFRENCE NUMBER વચ્ચે શું તફાવત છે.**

| TAX INVOICE NUMBER INVOICE REFERENCE NUMBER | TAX INVOICE NUMBER INVOICE REFERENCE NUMBER |
|---|---|
| કંટીન્યુ સીરીઝમાં હોય છે, દા.ત. ૧,૨,૩,૪ | કંટીન્યુ સીરીઝમાં ન હોય એ પોર્ટલ પર ઓટોમેટીક જનરેટ થાય. |
| GSTR-1માં TAX INVOICE NUMBER લખવાનો હોય છે. | GSTR-1માં INVOICE REFERENCE NUMBER લખવાનો નથી. |

**(૭) E-Invoice જનરેટ થય ગયા પછી તેમાં કોય સુધારો કરી શકાય?**

E-INVOICE PORTAL પર INVOICE REFERENCE NUMBER જનરેટ થય ગયો હોય અને QR કોડ જનરેટ થય ગયો હોય ત્યાર પછી તેમાં કોઈ સુધારો કરી શકાતો નથી.

**(૮) E-Invoice જનરેટ થય ગયા પછી તેને કેન્સલ કરી શકાય?**

E-INVOICE PORTAL પર E-INVOICE જનરેટ થય ગયું હોય તો ૨૪ કલાકની અંદર તેને કેન્સલ કરી શકે છે પરંતુ તે E-INVOICEની સાથે કનેક્ટ E-WAY BILL કોઈ ઓફિસર દ્વારા ટ્રાન્સપોટેશન દરમ્યાન ચકાસણી થઇ ગયુ હોય તો તેને કેન્સલ કરી શકાશે નહિ.

જે TAX INVOICE નંબરનું E-INVOICE CANCEL થયું છે તે TAX INVOICE નંબર બીજી વાર બીજું E-INVOICE બનાવવા માટે ઉપયોગમાં લઇ શકાય નહિ.

**(૯) E-Invoice જનરેટકર્યું હોય તોય E-WAY BILL બનાવવું પડે.**

હા. E-INVOICE જનરેટ કર્યું હોઈ તો પણ E-WAY BILL જનરેટ કરવું ફરજીયાત છે.

**(આ લેખમાં આપવામાં આવેલ અભિપ્રાય લેખકના વિષય ઉપરના અંગત અભિપ્રાય છે. આ લેખ અંગે લેખકનો સંપર્કઃ pm40977@gmail.com ઉપર કરી શકો છો)**

## અપીલ માટેની મર્યાદા પૂર્ણ થયા બાદ પણ કરદાતાને અપીલ રજૂ કરવા મંજૂરી આપતી મદ્રાસ હાઈકોર્ટ

### કરદાતા સામેનો આદેશ જી.એસ.ટી. પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યો હતો પણ આ અંગે તેઓને જાણ કરવામાં આવેલ ના હતી



તા. ૧૪-૧૦-૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ કોઈ પણ આદેશ સામે અપીલ કરવાની સામાન્ય મર્યાદા જે તે આદેશ પસાર કર્યાના ૯૦ દિવસની છે. આ ૯૦ દિવસ બાદ વધુ ૩૦ દિવસ કરદાતાને અપીલ *ડીલે કોંડોનેશન* સાથે ફાઈલ કરવાની મુદત આપવામાં આવી છે. આ સમયમર્યાદા બાદ કરદાતા અપીલ ફાઈલ કરી શકતા નથી. મદ્રાસ હાઈકોર્ટ દ્વારા આ પ્રકારના એક કેસમાં કરદાતાને મહત્વની રાહત આપી છે. કેસની વિગતો જોઈએ તો નિર્મલા મેનન કે જેઓ દક્ષ ઓટોના માલિક હતા તેઓ સામે અધિકારી દ્વારા આકારણી આદેશ પસાર કરી અધિકારી દ્વારા માંગણું ઉપસ્થિત કરવામાં આવ્યું હતું. આ માંગણું ઉપસ્થિત કરતો આકારણી આદેશ કરદાતાના જી.એસ.ટી. પોર્ટલના લૉગિનમાં અધિકારી દ્વારા અપલોડ કરવામાં આવ્યો હતો. પરંતુ કરદાતાને આ અંગે કોઈ જાણ કરવામાં આવેલ ના હતી. કરદાતા સામે વસૂલાતના પગલાં લેવાની શરૂઆત થઈ ત્યારે તે બાબતે કરદાતાને જાણ થઈ હતી. પરંતુ આ સમયે કરદાતાનો અપીલ કરવાનો સમય પૂર્ણ થઈ ગયો હતો. કરદાતાએ આ કિસ્સામાં મદ્રાસ હાઈકોર્ટમાં રિટ પિટિશન (રીટ પિટિશન નંબર ૨૪૬૩૪/૨૦૨૨) ફાઈલ કરી હતી. કરદાતા દ્વારા એવો બચાવ લેવામાં આવ્યો હતો કે તેઓને આ આદેશની કોઈ પણ પ્રકારે જાણ કરવામાં આવેલ નથી. કોર્ટ દ્વારા તમામ તથ્યોને ધ્યાને લઈ કરદાતાને અપીલ ફાઈલ કરવા આદેશ તારીખથી બે અઠવાડીયાનો સમય આપવામાં આવ્યો હતો. જી.એસ.ટી. કાયદા હેઠળ આદેશ પોર્ટલ ઉપર અપલોડ કરી બજવણીની પદ્ધતિને જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬૯ હેઠળ માન્યતા આપવામાં આવેલ છે. પરંતુ કોઈ પણ આદેશની જાણ કરદાતાને અસરકારક રીતે થાય તે જરૂરી છે. આ બાબત ધ્યાને લઈ ન્યાયના હિતમાં આ કેસમાં કરદાતાને અપીલ અંગેની કાયદાકીય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં અપીલ દાખલ કરવા મંજૂરી આપવામાં આવી છે.

**(ભવ્ય પોપટ, ટેક્સ ટુડે)**

ગુજરાતી પખવાડિક
**કરવેરા સલાહકાર**
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્કઃ-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.

# ધી ઉના પીપલ્સ કો ઓપ. બેન્ક લી.ની ૩૮મી સાધારણ સભા યોજાઈ: સહકારી અગ્રણી ડોલરભાઈ કોટેચા રહ્યા ખાસ ઉપસ્થિત

## ટાઉન હોલ ઉના ખાતે યોજાઈ AGM: મોટી સંખ્યામાં શેર હોલ્ડર રહ્યા ઉપસ્થિત






તા. ૨૬.૦૯.૨૦૨૨: ધી ઉના પીપલ્સ કો ઓપ. બેન્ક લી. ની ૩૮ મી વાર્ષિક સાધારણ સભા ટાઉન હોલ, ઉના ખાતે તારીખ ૨૪ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. આ AGMમાં સહકારી અગ્રણી અને NAFCARD તથા ખેતી બેન્કના ચેરમેન ડોલરભાઈ કોટેચા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉનાના પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિક સાધારણ સભામાં પૂર્વ ચેરમેન મહેન્દ્રભાઈ ગટેચા, પૂર્વ વાઈસ ચેરમેન વિજયભાઈ કામવાણી, વર્તમાન ચેરમેન ઈસુભાઈ જેઠવાણી, વાઈસ ચેરમેન મિતેશભાઈ શાહ સહિત ડાયરેક્ટર ઉપસ્થિત રહ્યા હતા. સાધારણ સભામાં પોતાનું વક્તવ્ય આપતા ડોલરભાઈ કોટેચાએ બેન્કની કામગીરીના વખાણ કર્યા હતા અને બેન્કની ઉતરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ આપી હતી. બેન્ક દ્વારા ઉપસ્થિત બન્ને વિશેષ મહેમાનો ડોલરભાઈ કોટેચા તથા કાળુભાઈ રાઠોડનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં RBIના નિયમ અનુસાર નિવૃત થતાં ડિરેક્ટર વિજયભાઈ કામવાણીનું પણ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાધારણ સભામાં બેન્કના પૂર્વ ડાયરેક્ટરોનું, બેન્કના લીગલ એડવાઈસરોને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા. સાધારણ સભામાં વરિષ્ઠ શેર હોલ્ડર મગનભાઈ ગજેરા તથા ઉકભાઈ બુહા દ્વારા મહત્વના સૂચનો આપવામાં આવ્યા હતા. આ સૂચનો અંગે બેન્કના જનરલ મેનેજર મીનાક્ષીબેન ધોળકિયા દ્વારા પ્રતિઉત્તર આપવામાં આવ્યા હતા. સાધારણ સભાનું સંચાલન સુરેશભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું હતું. સાધારણ સભા બાદ મહેમાનો, સ્ટાફ, ડાયરેક્ટરો તથા સભાસાદો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભાના આયોજનમાં બેન્કના જનરલ મેનેજર મીનાક્ષીબેન ધોળકિયા, મેનેજર સંજયભાઈ ઠાકર તથા તમામ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

**ભવ્ય પોપટ, એડિટર**

## ઈમ્પોર્ટન્ટ જજમેંટ વિથ ટેક્સ ટુડે

# જી.એસ.ટી. હેઠળ કોઈ કાર્યવાહી ચાલુ ના હોય તો બેન્ક એટેચમેંટ મૂકી શકાય નહીં: અલહાબાદ હાઈકોર્ટ

### વરૂણ ગુપ્તા વી. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ અધર્સ

**સલગ્ન કાયદો:** ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭
**ચુકાદો આપનાર ફોરમ:** અલ્હાબાદ હાઈકોર્ટ
**માનનીય જજ/મેમ્બર:** સૂર્ય પ્રકાશ કેશરવાણી, જયંત બેનર્જી
**કરદાતા વતી વકીલ:** આલોક શક્સેના
**સરકાર વતી:** સુદર્શન સિંઘ
**ચુકાદા તારીખ:** ૧૬.૦૮.૨૦૨૨

**કેસની હકીકતો:**

- કરદાતાનો માલિકી ધોરણે ગાઝીયાબાદ ખાતે ધંધો કરતાં હતા.
- અગાઉ પણ કરદાતાનું બેન્ક ખાતું એટેચ કરવામાં આવ્યું હતું. ત્યારે પણ રિટ પિટિશન દ્વારા આ ખાતું રીલીઝ કરતો ઓર્ડર એ સબબ કરવામાં આવ્યો હતો કે કરદાતા સામે કોઈ કાર્યવાહી હાલ ચાલુ નથી. જ્યારે આ બેન્ક એટેચમેંટ ઓર્ડર કરવામાં આવ્યો હતો ત્યારે જી.એસ.ટી. કાયદામાં થયેલ હાલનો સુધારો લાગુ થયો ના હતો.
- કરદાતાની બેન્ક એટેચ કરતો એ આદેશ અધિકારી દ્વારા રદ્દ કરવામાં આવ્યો હતો પરંતુ એ જ દિવસે અધિકારી દ્વારા અન્ય આદેશ દ્વારા કરદાતાની બેન્ક ફરી એટેચ કરવામાં આવી હતી.
- આ એટેચમેંટ આદેશ કરવા સમયે પણ કરદાતા સામે કોઈ કાર્યવાહી ચાલુ નથી તેવો સ્વીકાર રિસ્પોનડંટ દ્વારા કરવામાં આવ્યો છે.

**કોર્ટનો ચુકાદો:**

- કલમ ૮૩ હેઠળ કરવામાં આવતા પ્રોવિસનલ એસેમેંટ ઉપર માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ રાધાકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ વી. સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ એન્ડ અધર્સ (૨૦૨૧) ૬ SCC ૭૭૧ ના કેસમાં ઠરાવવામાં આવ્યું છે કે કરદાતા સામે કલમ ૮૨ હેઠળ પ્રોવિઝનલ એટેચમેંટ કરતાં પહેલા કમિશ્નર દ્વારા પોતાનો આ અંગેનો સ્પષ્ટ અભિપ્રાય નોંધવો જોઈએ. આ માટે કમિશ્નર પાસે કોઈ મહત્વના પુરાવા હોવા જરૂરી છે. આ પુરાવા હોવા ઉપરાંત તેઓ આ આદેશ સરકારી તિજોરીનું નુકસાન બચાવવા કરે છે તે અંગે પણ સ્પષ્ટ નોંધ હોવી જોઈએ. આ પ્રકારની કાર્યવાહી વગર કરવામાં આવેલ બેન્ક એટેચમેંટ સત્તા બહાર ગણાય છે.
- આ કેસના તથ્યો લગભગ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલ રાધાકૃષ્ણ ઈન્ડસ્ટ્રીઝ વી. સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ એન્ડ અધર્સ (૨૦૨૧) ૬ SCC ૭૭૧ ના કેસ સાથે સરખા છે.
- કરદાતા સામે કોઈ પણ કાર્યવાહી ચાલુ ના હોય બેન્ક એટેચમેંટનો આદેશ ટકી શકે નહીં.
- સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ ચુકાદો હોવા છતાં અધિકારી દ્વારા કરદાતા સામે કોઈ કાર્યવાહી ચાલુ ના હોવા છતાં બેન્ક એટેચમેંટનો આદેશ કરેલ છે જે તદ્દન ખોટો કહેવાઈ. આ માટે રિસ્પોન્ડટને ૫૦ હજાર ખર્ચ રિટ પિટિશનરને ચૂકવવા આદેશ કરવામાં આવે છે.

**(આ ચુકાદો ખોટી રીતે કરવામાં આવતા બેન્ક એટેચ્મેંટ સામે ખૂબ ઉપયોગી બની શકે છે. આ ચૂકદાઓનું અર્થઘટન ભવ્ય પોપટ (એડવોકેટ તથા એડિટર-ટેક્સ ટુડે) ના અંગત અર્થઘટન છે.)**

## વેટ હેઠળ બાકી લેણા અંગે.....

(અનુસંધાન પાના ૧થી શરૂ...)

ધરવામાં આવી રહી હતી. કર નિષ્ણાતો માની રહ્યા હતા કે આ ઝુંબેશ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવનાર વેરા સમાધાન યોજનાના સંકેતો ગણી શકાય. કર નિષ્ણાતોની આ માન્યતા સાચી ઠરી છે અને વેપારીઓ માટે વેરા સમાધાન નહીં પરંતુ વેરા માંડવાળ (માફી) યોજના બહાર પાડવામાં આવેલ છે. વેપારીઓના હિતમાં બહાર પાડવામાં આવતી માફી, સમાધાન યોજના ચોક્કસ આવકારદાયક છે પરંતુ આ યોજના હેઠળ અમુક પ્રશ્નો નિષ્ણાતોમાં ચર્ચાનો વિષય બની ગયેલ છે. આ યોજનામાં જી.એસ.ટી. નંબર ચાલુ હોય તેવા વેપારીઓને કોઈ લાભ આપવામાં આવ્યો નથી. આ બાબત વિચારવા યોગ્ય છે કે શું જી.એસ.ટી. હેઠળ માઈગ્રેટ થયા તે અંગેનો દંડ કોઈ વેપારીને આપવો યોગ્ય ગણાય? આ ઉપરાંત આ યોજનાની જોગવાઈ મુજબ ચાલુ હોય તેવી પેઢીને આ યોજનાનો લાભ મળશે નહીં. હવે પ્રશ્ન એ ઊભો થાય કે વેપારીનો ધંધો ચાલ છે કે બંધ તે કેવી રીતે નક્કી કરવું?? શું આ માટે અધિકારી દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે? શું કોઈ વેપારીએ વેટ કે સેલ્સ ટેક્સ નંબર રદ કરાવ્યો હોય પણ વેપાર નાના પાયે ચાલુ હોય તેવા વેપારીને આ યોજનાનો લાભ મળશે કે નહીં? ૧૯૬૯ થી લાગુ થયેલ સેલ્સ ટેક્સ કાયદા હેઠળ નાણાકીય મર્યાદા દર વર્ષ માટે ૧ લાખ જેવી મોટી રાખવામા આવેલ છે પરંતુ ૨૦૦૬ થી લાગુ થયેલ વેટ કાયદા હેઠળ કુલ નાણાકીય મર્યાદા ૫૦ હજાર જેવી સામાન્ય રાખવામા આવેલ છે. શું મોંઘવારીની રૂએ આ બાબત યોગ્ય ગણાય? આ તમામ પ્રશ્નો ચર્ચાનો વિષય બની રહ્યા છે. કોઈ પણ યોજનાની ટીકા કરવી ચોક્કસ સહેલી છે પરંતુ આ યોજના ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવી તે વેપારીઓ માટે રાહતના સમાચાર તો ચોક્કસ ગણી શકાય!!

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

# બજેટ ૨૦૨૨માં જી.એસ.ટી. હેઠળ ઘણા ફેરફારો કરવામાં આવ્યા હતા જે અંતર્ગત બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનની મહત્વની બાબતો

**તા. ૦૪.૧૦.૨૦૨૨**
**By Bhavya Popat**

બજેટ ૨૦૨૨ માં જી.એસ.ટી. હેઠળ ઘણા ફેરફારો પસાર કરવામાં આવ્યા હતા. આ ફેરફારો લાગુ કરવા અંગે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા ના હતા. હવે લગભગ બજેટ લાગુ થયાના છ મહિના પછી, જી.એસ.ટી. હેઠળના બજેટ ૨૦૨૨ માં પસાર કરવામાં આવેલ ફેરફાર લાગુ કરતાં નોટિફિકેશન ૨૮.૦૯.૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવ્યા છે. આ નોટિફિકેશનની મહત્વની બાબતો પર વાંચકોનું ધ્યાન દોરવા આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**૧. પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવા હવે કરદાતાઓને મળશે વધુ સમય:**

આપણે સૌ જાણીએ છીએ કે જી.એસ.ટી. હેઠળ કરદાતા દ્વારા ભરવામાં આવેલ રિટર્ન રિવાઈઝ કરવાની કોઈ જોગવાઈ નથી. કરદાતા કોઈ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જે મહિનામાં બિલ ઈસસ્યું થયું છે તે મહિનામાં લેતા રહી ગયા હોય તો તેઓ આ ક્રેડિટ ત્યાર પછીના રિટર્નમાં લાઈ શકે છે. હાલના નિયમો અનુસાર પાછલા નાણાકીય વર્ષને લગતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પછીના વર્ષમાં સપ્ટેમ્બર મહિનાના GSTR 3Bની મુદત સુધી જ લઈ શકાતી હતી. હવે આ નિયમમાં ૦૧ ઓક્ટોબર ૨૦૨૨ થી ફેરફાર કરી પાછલા વર્ષની ક્રેડિટ પછીના વર્ષના નવેમ્બર મહિના સુધી લઈ શકાશે. નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ ની કોઈ ક્રેડિટ લેવાની ક્દરદાતા દ્વારા રહી ગઈ હોય તો તેઓ આ ક્રેડિટ હવે ૩૦ નવેમ્બર સુધી લઈ શકશે. આ ફેરફાર ૦૧.૧૦.૨૦૨૨ થી અમલી બનાવવામાં આવેલ છે. નિષ્ણાતો એ બાબતે દ્વિધા અનુભવી રહ્યા છે કે ૩૦ નવેમ્બર સુધી ક્રેડિટ લેવા બાબતે માસિક રિટર્ન ભરતા કરદાતા માટે તો ચોક્કસ આવકારદાયક રહેશે પરંતુ નાના કરદાતાઓ જેઓએ ત્રિમાસિક રિટર્ન (QRMP) ભરવાનો વિકલ્પ સ્વીકારેલ હોય તેઓ નવેમ્બર મહિનામાં ક્રેડિટ કેવી રીતે લઈ શકેશે. સામાન્ય રીતે પોતાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અને આઉટપુટ ટેક્સની ગણતરી કરી ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતા PMT 06 દ્વારા પોતાનો સેલ્ફ એસેસમેંટ ટેક્સ ભરતા હોય છે. પરંતુ ક્રેડિટ લેજરમાં તો તેઓની ત્રીજા ક્વાટરની ક્રેડિટ સામાન્ય રીતે જાન્યુઆરી માંજ જમા થતી હોય છે. શું આ આવકારદાયક સુધારાનો લાભ નાના ગણી શકાય તેવા




ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓને નહીં મળે??. આ અંગે જી.એસ.ટી. નું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) જલ્દી ખુલાસો બહાર પાડે તેવી અપેક્ષા સેવાઇ રહી છે.

**૨. પાછલા વર્ષની વેચાણની વિગતો સુધારવા પણ કરદાતાને મળશે વધુ તક:**

અગાઉ આ લેખમાં જણાવ્યુ છે તેમ જી.એસ.ટી. હેઠળ રિટર્ન રીવાઇઝ કરવાની જોગવાઈ નથી. કરદાતાએ પોતે ભરેલા રિટર્નમાં કોઈ ફેરફાર કરવા હોય તો તે ફેરફાર ત્યાર બાદના રિટર્નમાં નિયત મુદતની મર્યાદા સુધી કરી શકે છે. હાલ આ નિયત મર્યાદા જે તે વર્ષ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિના સુધીની હતી. હવે ૦૧.૧૦.૨૦૨૨ થી લાગુ થતાં સુધારા મુજબ કરદાતા દ્વારા ભરવામાં આવતું વેચાણ અંગેનું ફોર્મ GSTR 1માં પાછલા વર્ષમાં કોઈ ફેરફાર કરવા હશે તો આ ફેરફાર તેઓ હવે કાયદામાં કરવામાં આવેલ સુધારા પછી ૩૦ નવેમ્બર સુધી કરી શકાશે.

**૩. ૧૦ કરોડ ઉપરના ટર્નઓવર માટે ઇ ઈંવોઇસ બનાવવું ફરજિયાત:**

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી કોઈ પણ પાછલા વર્ષમાં જે કરદાતાનું ટર્નઓવર ૧૦ કરોડથી વધુ હોય તેવા કરદાતાઓ માટે ૦૧ ઓક્ટોબરથી ઇ ઈંવોઇસ બનાવવું ફરજિયાત બની જશે. આ પહેલા આ મર્યાદા ૨૦ કરોડના ટર્નઓવરની હતી. આ સુધારો અમલી બની જતાં અનેક નવા કરદાતાઓએ પોતાની ઈંવોઇસ (બિલ) બનાવવાની પદ્ધતિમાં ફેરફાર કરવાનો રહેશે. એ બાબત જાણવી જરૂરી છે કે કરદાતા જ્યારે B2B (અન્ય જી.એસ.ટી. ધરાવતા કરદાતાને વેચાણ કરે) ઈંવોઇસ બનાવે અથવા EXPORTના વ્યવહારો કરે તેમાં E-INVOICE ફરજીયાત છે. જ્યારે B2C (ગ્રાહક અથવા જી.એસ.ટી. નંબર ના ધરાવતા કરદાતા)ના વ્યવહારમાં E-INVOICE ફરજીયાત નથી. એવી જ રીતે NILL RATE અને EXEMPTED SUPPLIESમાં E-INVOICE લાગુ નથી પડતું. આ ઉપરાંત એ બાબત પણ જાણવી જરૂરી છે કે ઇ ઈંવોઇસ લાગુ પડતું હોય ત્યારે ટેક્સ ઈંવોઇસ તથા જે તે ઇ ઇનોવિસ સંબંધિત ક્રેડિટ અને ડેબિટ નોટ પણ ઇ ઈંવોઇસ સ્વરૂપે આપવાની થાય છે. અત્રે એ પણ સ્પષ્ટ કરવું જરૂરી છે કે ઇ ઈંવોઇસ બનાવવાના કારણે વેપારીની ઇ વે બિલ બનાવવાની જવાબદારીમાં કોઈ ફેર પડતો નથી. ઇ ઈંવોઇસ બનાવવામાં આવ્યું હોય ત્યાં પણ ઇ વે બિલ અંગેની જોગવાઈ તો લાગુ પડે જ છે. ઇ ઈંવોઇસ એક ઈલેક્ટ્રોનિક સ્વરૂપનું ઈંવોઇસ હોય તેની પ્રિન્ટ રાખવી જરૂરી નથી. માત્ર ઇ ઈંવોઇસ રેફરન્સ નંબર રાખવો પૂરતો ગણાય. જે કરદાતા માટે ઇ ઈંવોઇસ બનાવવું ફરજિયાત હોય તેઓ જો આ જોગવાઈ મુજબ ઇ ઈંવોઇસ ના બનાવે તો તેઓનું બિલ જી.એસ.ટી. હેઠળ માન્ય બિલ ગણાય નહીં. બિલ ના બનાવવા અંગેની દંડની જોગવાઈ આવા વેપારીઓને લાગુ પડે. એટલું જ નહીં, આ પ્રકારના કરદાતા પાસેથી ખરીદી કરનારને પણ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. જી.એસ.ટી. પોર્ટલ ઉપર પોતાના વેચનાર ઇ ઈંવોઇસ બનાવવા જવાબદાર છે કે નહીં તે ચેક કરવાની સગવડ ખરીદનાર કરદાતાને આપવામાં આવેલ છે.

**૪. GSTR 2 અને 3ને આપવામાં આવેલ વિધિવત જાકારો:**

જી.એસ.ટી. લાગુ થયો ત્યારે રિટર્ન ભરવાની મૂળભૂત પદ્ધતિ GSTR 1, 2, 3 ભરવાની હતી. પરંતુ જમીની સ્તરે આ પદ્ધતિ શક્ય ના બની શકી હતી. આ કારણે GSTR 1 તથા GSTR 3B દ્વારા રિટર્ન ભરવાની પદ્ધતિ લાગુ કરવામાં આવી હતી. હવે, આ જી.એસ.ટી. હેઠળ GSTR 2 અને GSTR 3ને વિધિવત રીતે રદ કરતાં કાયદામાંથી હટાવી લેવામાં આવી છે.


જી.એસ.ટી. હેઠળ ઉપરના ફેરફારો તમામ કરદાતાઓ-વેપારીઓને અસર કરે છે. આ ફેરફારો જાણવા વાંચકો માટે ખૂબ જરૂરી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૩.૧૦.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# જી.એસ.ટી. હેઠળ ત્રિમાસિક કરદાતાઓને નહીં મળે આ લાભ!!

## ૩૦ નવેમ્બર સુધી ભરવામાં આવેલ રિટર્નમાં જ માંગી શકાશે પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ: CBIC પ્રેસનોટ

તા. ૦૫.૧૦.૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાં માટે તથા વેચાણ અંગેની વિગતોમાં સુધારા કરવા માટેના સમય વધારો કરવા અંગેની બજેટ ૨૦૨૨ ની જોગવાઇઓ હાલમાં નોટિફિકેશન દ્વારા અમલી બનાવવામાં આવેલ છે. આ સુધારા સુધી, કરદાતા પોતાની પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ સપ્ટેમ્બર મહિનાના રિટર્નની મુદત સુધી જ ક્લેઈમ કરી શકતા હતા. આ જોગવાઈઓ અમલી બની જતાં કરદાતાઓ હવે આ પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ૩૦ નવેમ્બર સુધી ક્લેઈમ કરી શકશે. આવી જ રીતે પોતાના વેચાણ અંગે આપવામાં આવેલ વિગતોમાં પણ કરદાતાઓ માત્ર સપ્ટેમ્બર મહિનાના રિટર્ન સુધી કરી શકતા હતા. હવે જી.એસ.ટી.ના કાયદા માં સુધારો કરવામાં આવ્યો છે અને આ સુધારા નવેમ્બર મહિના સુધી થઈ શકે છે.




આ સુધારાઓ લાગુ થતાં બે મહત્વના પ્રશ્નો અંગે દ્વિધા અનુભવવામાં આવી રહી હતી. પ્રથમ દ્વિધા એ ઊભી થઈ રહી હતી કે ૦૧ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવેલ આ સુધારાઓ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨થી અમલી બનશે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩થી અમલી બનશે. આ અંગે મહત્વનો આવકારદાયક ખુલાસો કરતાં સેંટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા ૦૪ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડી સ્પષ્ટતા કરેલ છે કે આ સુધારાઓ પાછલા વર્ષ એટ્લે કે ૨૦૨૧-૨૨થી જ લાગુ થઈ જશે.

આ ઉપરાંત અન્ય એક દ્વિધા એ ઊભી થઈ રહી હતી કે શું ઓક્ટોબર મહિનાના માસિક રિટર્ન કે જેની મુદત નવેમ્બરમાં આવે અને ત્રિમાસિક રિટર્ન ના બીજા ક્વાટરના રિટર્ન માટેની મુદતમાં કોઈ વધારો કરવામાં આવ્યો છે કે નહીં? આ અંગે ખુલાસો કરતાં CBIC એ સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ ઓક્ટોબર મહિનાના માસિક રિટર્ન કે સપ્ટેમ્બર મહિનાના ત્રિમાસિક રિટર્નની મુદતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવા કે વેચાણની વિગતોમાં સુધારો કરવા ૩૦ નવેમ્બર સુધીની સમય મર્યાદા આ અંગે પણ ખુલાસો કરતાં આ પ્રેસ વિજ્ઞપ્તિમાં જણાવવામાં આવ્યું છે કે કરદાતાએ વધારાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કે વેચાણની વિગતોમાં કરવાના થતાં સુધારાઓ ૩૦ નવેમ્બર સુધી ભરવામાં આવતા રિટર્નમાં જ કરી આપવાના રહેશે.

પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા આ ખુલાસો કરવામાં આવતા એક બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે જી.એસ.ટી. હેઠળ QRMP હેઠળ ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓએ બીજા ત્રિમાસના રિટર્ન માંજ પોતાની નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવી લેવાની રહેશે. આ રિટર્ન બાદ તેઓનું ત્રિમાસિક રિટર્ન જાન્યુઆરીમાં ભરવાનું થશે, જ્યારે જી.એસ.ટી. ની કલમ ૧૬(૪) હેઠળ ની સમય મર્યાદા પૂરી થઈ ગઈ ગણાશે. આ અંગે વાત કરતાં જુનાગઢના એડવોકેટ પ્રતિક મિશ્રાણી ટેક્સ ટુડેને જણાવે છે કે ‘‘જી.એસ.ટી. હેઠળ પાછલા વર્ષોની ક્રેડિટ ક્લેઈમ કરવામાં જે વધારો કરવામાં આવ્યો છે તેનો લાભ ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓને સામાન્ય સંજોગોમાં મળશે નહીં. તેઓએ ૨૦૨૧-૨૨ની ક્રેડિટ સપ્ટેમ્બર મહિનાના રિટર્નમાંજ ક્લેઈમ કરી લેવાની રહેશે. હા, માત્ર તેઓ માટે આ વધારાનો લાભ એ જ ગણી શકાય કે તેઓ હવે સપ્ટેમ્બર મહિનાનું રિટર્ન ૩૦ નવેમ્બર સુધીમાં (લાઇટ ફી) સાથે ભરે તો તેઓને આ વધારાની સમય મર્યાદાનો લાભ મળી શકે. ખરેખર ત્રિમાસિક કરદાતાઓ આ વધારાની મર્યાદાનો લાભ લઈ શકે તે માટે ક્રેડિટ ક્લેઈમ કરવાની મુદત ૩૧ જાન્યુઆરી કરવી જરૂરી હતી’’. આમ, સામાન્ય રીતે જી.એસ.ટી. હેઠળ નાના કરદાતાઓ ગણાતા QRMP કરદાતાઓને જી.એસ.ટી. હેઠળ કલમ ૧૬(૪) ના વધારાના સમયનો લાભ મળશે નહીં.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

**તારીખ: ૦૮.૧૦.૨૦૨૨**

**જી.એસ.ટી.**

**અમારા અસીલ સોનાના ઘરેણાં કેટલા ટચના છે તે અંગે ચકાસણીની સેવા પૂરી પાડે છે. આ સેવા ઉપર લાગુ જી.એસ.ટી. દર અને તેના HSN જણાવવા વિનંતી. – જિગર વોરા, ટેક્સ કન્સલ્ટન્ટ, રાજકોટ**

જવાબ: આપના અસીલ સોનાના ઘરેણાં કેટલા ટચના છે તે અંગે ચકાસણીની સેવા પૂરી પડતાં હોય તે HSN 9983 માં પડે અને તેના ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

**અમારા અસીલ એક વેબસાઈટ દ્વારા ઓનલાઈન વેચાણ કરે છે. આ વેબસાઈટનું સર્વર ભારત બહાર છે. તેઓની ખરીદી તથા વેચાણ પણ ભારત બહાર થાય છે. તેઓ જી.એસ.ટી. નંબર ધરાવે છે. શું આ ખરીદ વેચાણ ઉપર જી.એસ.ટી. ની જવાબદારી આવે? સહદેવ આહિર, કચ્છ**

જવાબ: આપના અસીલની વેબસાઈટનું સર્વર ભારત બહાર હોય, તેમાં વેચાણ થતી માલ અને સેવાની ખરીદી પણ ભારત બહાર જ થતી હોય, આ વ્યવહાર ટેકસેબલ ટેરેટરી બહારનો વ્યવહાર ગણાય અને તેના ઉપર જી.એસ.ટી.ની કોઈ જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

**૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨**

**જી.એસ.ટી.**

**અમારા અસીલ ઉત્તરપ્રદેશમાંથી ખેડૂતો પાસેથી કરપાત્ર માલની ખરીદી કરે છે. આ માલનું વેચાણ તેઓ ગુજરાત રાજ્યમાં કરે છે. આ બાબતે અમારા નીચેના પ્રશ્નો છે.**

- **અમારા અસીલ અન્ય રાજ્યમાંથી કરપાત્ર ખરીદી કરી શકે?**
- **ઉત્તર પ્રદેશથી ગુજરાત માલ આવે ત્યારે ઘણી ચેક પોસ્ટ વચ્ચે લાગુ પડે. શું આ ચેકપોસ્ટ અધિકારી આ માલ ઉપર વેરો ભરાવી શકે? – પટેલ અરવિંદકુમાર રણછોડલાલ એન્ડ કંપની**

જવાબ: હા, તમારા અસીલ અન્ય રાજ્યમાંથી કરપાત્ર માલની URD ખરીદી કરી શકે છે તેવો અમારો મત છે. આ ખરીદી URD (ખેડૂતો) પાસેથી કરવામાં આવેલ હોય તે અંગે પુરાવા (ગુજરાત રાજ્યમાં જેમ ૭-૧૨ તથા ૮A) તથા જી.એસ.ટી. હેઠળનું પેમેન્ટ વાઉચર સાથે રાખવામા આવે તથા ઈનવર્ડ સપ્લાયનું ઇ વે બિલ બનાવવામાં આવેલ હોય તો જી.એસ.ટી. ચેક પોસ્ટ અધિકારી આ માલ ઉપર વેરો ભરવી શકે નહીં તેવો અમારો મત છે.




**ટેક્સ ટુડે એક્સપર્ટ:**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

**જી.એસ.ટી. કાયદામાં આકારણી દરમ્યાન કોઈ ડિમાન્ડ ઊભી થાય અને આ ડિમાન્ડ સમયસર ભરી શકાય ના હોય ત્યારે ભરવામાં આવેલ રકમ પ્રથમ દંડ સામે ત્યારબાદ વ્યાજ સામે અને ત્યારબાદ ટેક્સ સામે જમા થાય તેવી કોઈ જોગવાઈ જી.એસ.ટી. કાયદામાં છે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબ: ના, અમારા મતે આ પ્રકારની કોઈ જોગવાઈ જી.એસ.ટી. કાયદામાં છે નહીં.

**ઈન્કમ ટેક્સ**

**અમારા અસીલ જેઓ અમારીપાસે કન્સલ્ટેશન માટે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં આવ્યા હતા. તેઓનું ૨૦૨૧-૨૨નું ઈન્કમ ટેક્સ રિટર્ન અન્ય ટેક્સ કન્સલ્ટન્ટ દ્વારા અગાઉ ભરવામાં આવ્યું હતું. આ રિટર્નમાં TIS તથા AIS મુજબ અમુક વ્યવહારો લેવામાં આવ્યા નથી. શું મારે આ વ્યવહારો લઈ રીવાઇઝ રિટર્ન ભરવું જોઈએ? શું આ રિવાઈઝ રિટર્ન ભરવામાં આવે તો સ્ક્રુટીનીની કેવી જવાબદારી આવે તે અંગે આપનો અભિપ્રાય આપવા વિનંતી. – શફી દોકડિયા, નંદુરબાર**

જવાબ: હા, TIS તથા AISમાં દર્શાવતા કોઈ વ્યવહાર રહી ગયા હોય તો રિવાઈઝ રિટર્ન ભરી આ વ્યવહારો દર્શાવવા જોઈએ તેવો અમારો મત છે. આમ, કરવાથી સ્ક્રુટિની આવે તેવી માન્યતા અમારા મુજબ સાચી નથી.

**-:: ખાસ નોંધ ::-**

મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી. ની જોગવાઇઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં. જી.એસ.ટી.અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ.કારણકે જી.એસ.ટી.હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે.વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે.આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે.તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે.કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમર:** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# વેટ, સેન્ટરલ એકસાઇઝ, સર્વિસ ટેક્સ જેવા જૂના કાયદાની જમા ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી.માં લેવાની કરદાતાઓને ફરી તક આપતી સુપ્રીમ કોર્ટ

## CBIC દ્વારા આ ક્રેડિટ લેવા બાબતે તારીખ ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ બહારમ પાડી માર્ગદર્શિકા

**છેલ્લી તક છે હવે ફરી તક આપવામાં આવશે નહીં: CBICની સ્પષ્ટતા**

તા. ૨૦.૦૯.૨૦૨૨: માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા યુનિયન ઓફ ઈન્ડિયા વી. ફિલ્કો ટ્રેડ સેન્ટર પ્રાઈવેટ લિમિટેડ SLP (C) No. 32709-32710/2018ના કેસમાં વેટ, સેંટરલ એક્સાઈઝ, સર્વિસ ટેક્સ જેવા જૂના કાયદાઓની જમા રહેલી ક્રેડિટ જી.એસ.ટી.માં આગળ ખેંચવાની સગવડ આપવામાં આવી હતી. કરદાતાઓ દ્વારા જૂના કાયદાઓ હેઠળ જમા રહેલી ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદા હેઠળ Tran 1 તથા Tran 2 દ્વારા માંગવાની રહેતી હોય છે. આ ક્રેડિટ અગાઉ માંગવાનુ ચૂકી ગયા હોય કે આ ક્રેડિટ લેવામાં કોઈ ભૂલ થઈ હોય તેવા કરદાતાઓને એક તક આપવા તા ૨૨.૦૭.૨૦૨૨ ના રોજ આદેશ કરવામાં આવ્યો છે. આ ચુકાદાને અનુસરી જી.એસ.ટી.નું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા મહત્વની સૂચના બહાર પાડવામાં આવી છે. જે કરદાતા કોઈ પણ કારણોસર અગાઉ જી.એસ.ટી. લાગુ થયો ત્યારે આ જૂના કાયદાઓની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાનું ચૂકી ગયા હોય તેઓના માટે ફરી એક તક ઊભી થઈ છે. આ ઉપરાંત જે કરદાતાઓ એ અગાઉ Tran 1 અને Tran 2 દ્વારા ક્રેડિટ માંગવામાં આવેલ છે અને તેઓ આ ક્રેડિટમાં ફેરફાર કરવા ઈચ્છે છે તેઓને પણ આ ફોર્મ રિવાઈઝ કરવાની તક આપવામાં આવી છે. ૦૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૧૧.૨૦૨૨ સુધી કરદાતાઓ માટે Tran 1 તથા Tran 2 ભરવા માટેનો વિકલ્પ ફરી ખોલી આપવામાં આવશે તેવું જાહેર કરવામાં આવ્યું છે. CBICની આ સૂચનાના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.



**Tran 1 તથા Tran 2 ભરવા માટેની મહત્વની ગાઈડલાઈન્સ:**

૧. કરદાતા દ્વારા ફોર્મ Tran 1 તથા Tran 2 ઓનલાઈન પોર્ટલ ઉપર ભરવાનું રહેશે.

૨. Tran 1 તથા Tran 2 ભરવા સાથે કરદાતાએ એક ડેકલેરેશન ભરવાનું રહેશે. આ ડેકલેરેશન નો નમૂનો આ ગાઈડલાઈન્સમાં આપેલ છે. આ ડેકલેરેશન પણ કરદાતાએ સહી કરી PDF સ્વરૂપે અપલોડ કરવાનું રહેશે.

૩. કેન્દ્રિય વેચાણ વેરા અધિનિયમ હેઠળ જે વ્યવહારો માટે વિવિધ ફોર્મની જરૂરિયાત રહેતી હતી. આવા વ્યવહારો માટેના ફોર્મ ૨૭.૧૨.૨૦૧૭ પછી આવેલા ફોર્મ C, ફોર્મ F, ફોર્મ H, ફોર્મ I માટે જૂના કાયદા હેઠળ કોઈ ઈન્પુટનો દાવો આ મોડા આવેલ ફોર્મ પૂરતો મળશે નહીં.

૪. આ વધારાના સમય દરમ્યાન ભરવામાં આવેલ Tran 1 તથા Tran 2 ફોર્મની નકલ પોર્ટલ ઉપરથી ડાઉનલોડ કરી, ઉપર જણાવેલ ડેકલેરેશન સાથે જી.એસ.ટી. હેઠળ ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારીને ફોર્મ ઓનલાઈન ભર્યાના ૭ દિવસની અંદર જમા કરાવવાનું રહેશે. કરદાતા દ્વારા માંગવામાં આવેલ ઈન્પુટ ટેક્સની ટ્રાન્સીશનલ ક્રેડિટ બાબતેના દસ્તાવેજી પુરાવા જેવા કે રિટર્ન, બિલો, અન્ય દસ્તાવેજો કરદાતાએ તૈયાર રાખવાના રહેશે અને જ્યારે અધિકારી દ્વારા આ પુરાવાઓ માંગવામાં આવે ત્યારે આ પુરાવાઓ રજૂ કરવાના રહેશે.

૫. ૧.૧૦.૨૦૨૨ થી ૩૦.૧૧.૨૦૨૨ દરમ્યાન Tran 1 તથા Tran 2 ભરવાની તક એ કરદાતાને આપવામાં આવેલ એક વખતની તક રહેશે તે નોંધવું જરૂરી છે. કરદાતાએ અગાઉ ભરેલ ફોર્મ રીવાઇઝ કરવા કે અગાઉ ફોર્મ ભર્યું જ ના હોય તેઓના માટે આ ફોર્મ ભરવાની આ આખરી તક હશે.

૬. એક બાબત આ માર્ગદર્શિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે એક વખત માનનીય સુપ્રીમ કોર્ટના આદેશને અનુસરીને Tran 1 અને Tran 2 ફાઇલ કરવામાં આવેલ હોય કે આ ફોર્મ રિવાઈઝ કરવામાં આવ્યું હોય ત્યારે ફરી આ ફોર્મ ભરવા કે રિવાઈઝ કરવાની કોઈ તક કરદાતાને કોઈ પણ સંજોગોમાં આપવામાં આવશે નહીં.

૭. જે કરદાતાઓએ અગાઉ આ Tran 1 કે Tran 2 ફોર્મ ભરેલ હોય અને તેઓ તેમાં કોઈ રિવિઝન (સુધારા) કરવા માંગતા ના હોય તેઓએ આ ફોર્મ ફરી ભરવાની કોઈ જરૂર રહેતી નથી તેવી સ્પષ્ટતા

૮. કરદાતા દ્વારા અગાઉ ભરવામાં આવેલ Tran 1 કે Tran 2 ફોર્મ કોઈ કારણોસર અધિકારી દ્વારા સંપૂર્ણ રીતે અથવા અંશતઃ નામંજૂર કરવામાં આવેલ હોય તેવા કરદાતાઓ સુપ્રીમ કોર્ટના આદેશને અનુસરીને ફરી આ ફોર્મ ભરી શકશે નહીં. આવા કેસોમાં કરદાતા પાસે અપીલ ફાઇલ કરવાનો વિકલ્પ રહેલ છે.

૯. કરદાતાનો કોઈ કેસ અપીલ કે એજયુડિકેશન હેઠળ નિર્ણય આધીન હોય તેવા કિસ્સામાં પણ સુપ્રીમ કોર્ટના આદેશનો લાભ કરદાતાને મળશે નહીં અને આ ફોર્મ ભરવું કરદાતા માટે યોગ્ય વિકલ્પ રહેશે નહીં.

૧૦. કરદાતા દ્વારા જ્યારે આ વિકલ્પ લઈ Tran 1 કે Tran 2 ફોર્મ ભરવામાં આવ્યું હોય ત્યારે અધિકારી દ્વારા આ ફોર્મની યોગ્ય ચકાસણી કરવામાં આવશે. આ ચકાસણીને અંતે આ અંગે યોગ્ય આદેશ પસાર કરવામાં આવશે. અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલ આદેશ અનુસાર ટ્રાન્સીશનલ ક્રેડિટ કરદાતાના ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેજરમાં જમા કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટના આદેશના કારણે તમામ કરદાતાઓને પોતાની અગાઉના કાયદા હેઠળની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. માં લઈ જવાની એક સોનેરી તક મળી છે તે બાબત નિર્વિવાદ છે. આ તકનો લાભ લઈ જે કરદાતાઓની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવાની રહી ગઈ છે તેઓ ખાસ આ સવલતનો લાભ લે તે ઇચ્છનીય છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિ, આ ૧૯ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# ઉના વિપશ્યના સમિતિ દ્વારા કચ્છ GHCL કંપનીના વિરોધમાં આવેદન

## એક લાખ લોકોનો વિરોધ હોય એવા ઉદ્યોગ ન જોઈએ

રાજ્યના મુખ્ય સચિવને ઉના પ્રાંત અધિકારી મારફત ઉના વિપશ્યના સમિતિ દ્વારા આવેદન આપવામાં આવેલ છે જેમાં કચ્છના બાડા ગામ પાસે GHCL કંપની કરોડના ખર્ચે સોડા એશ પ્લાન્ટ ઉભો કરવા માંગે છે, આ એકમ પર્યાવરણ,દરિયાઈ પ્રાણી અને મનુષ્ય જીવનના આરોગ્ય માટે ખતરારૂપ સમાન છે આ અંગેની ૧૭/૧૦ની લોક સુનવાણી રદ કરવાની માંગ કરવામાં આવી છે.

લોકોની સાચી સુખાકારી કેમા સમાયેલી છે?? તેના માટે બાડા ગામને અડીને આવેલું ''ધમ્મસિંધુ વિપશ્યના કેન્દ્ર'' છેલ્લા વર્ષોથી લોકો ખરા અર્થમાં પોતાના દુઃખો માથી મુક્ત થઈ જીવનમાં સાચી સુખાકારી કેમ આવે એ વિદ્યા શીખવી રહ્યું છે . આ વિપશ્યના ધ્યાન સાધના પૂર્ણતયા વૈજ્ઞાનિક , વ્યવહારુ અને સંપૂર્ણપણે બિન - સાંપ્રદાયીક છે . નાત - જાતના કે અન્ય કોઈ પણ ભેદભાવ વગર નિઃશુલ્ક ચાલતી આ સંસ્થામા અત્યાર સુધી પુરા ભારતના જ નહીં, પણ વિશ્વના અનેક દેશોના ૧,૨૫,૦૦૦ જેટલા સાધક સાધીકાઓ અહીં ધ્યાન કરવા આવી ચૂક્યા છે. ઘણા તો ફરી ફરી લાંબા શિબિરો માટે આવતા રહે છે. આનું મુખ્ય કારણ છે. અહીંનું શાંત, પ્રદૂષણ રહિત ગંભીર તપોમય વાતાવરણ.

વિપશ્યના સ્થાયી કેન્દ્રો ભરતનભરમાં જ નહિ પરંતુ વિશ્વના અનેક દેશોમાં લોકોને દુઃખમુક્ત કરવાની વૈજ્ઞાનિક સાધના પદ્ધતિ શીખવતા કેન્દ્રો છે જેનાથી સરકાર પણ સારી રીતે અવગત છે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલ તેમજ રામનાથ કોવિંદજી પણ શિબિરો કરી ચૂક્યા છે અને પોતાના વક્તવ્યમાં એના લાભ વિશે વાત કરી ચૂક્યા છે આવા અનેક મહાનુભાવો, બુદ્ધિજીવીઓ, અધિકારીઓ, ડોક્ટરો, વૈજ્ઞાનિકો, નેતાઓ, બીઝનેસમેનો વિપશ્યના સાધનાની શિબિરોથી લાભાન્વિત થઈ ચૂક્યા છે થઈ રહ્યા છે અને ભવિષયમાંમાં પણ થતા રહેશે.

બાડાનું ધમ્મસિંધુ કેન્દ્ર, (તપોભૂમિ) ૩૨ વર્ષોમાં ખૂબ જહેમત પૂર્વક સાધકોને કોઈ પણ પ્રકારે અગવડ ન થાય તે રીતે અનેક સાધકોના અથાક પ્રયત્નોથી વિકસિત કરવામાં આવેલ છે! પંદરેક કરોડના ખર્ચે વિવિધ સુવિધાઓ ઊભી થઈ છે . જેમાં ૨૫૦ જેટલા સાધકો ૧૦ દિવસના અને ૧૦૦ જેટલા સાધકો ૪૫ દિવસ સુધીની નિવાસીય ધ્યાન શિબિરો કરી શકે છે




બાડા ગામનો શાંત, હરિયાળો, સૌમાડો, રમણીય દરિયા કિનારો, ગાયોના ઘરાના રણકાર, ઢગલા બંધ મોર તેમજ અન્ય વિવિધ પક્ષીઓના ટહુકા આ બધા ધમ્મુ સિંધુ કેન્દ્રની આંતરરાષ્ટ્રીય ખ્યાતિના સહિયારા સાથી છે. બાડાના દરિયા કિનારે આવતા અલભ્ય વિશાળ દરિયાઈ કાચબા. અને સાથે વન્ય વિસ્તારમાં શેડ્યુલ-૧ ના પ્રાણીઓના રક્ષિત ક્ષેત્રોની રક્ષા માટે પોતે જ બનાવેલ કાયદાઓને સરકાર કેમ ભૂલી જાય છે ?! આવી વાસ્તવિકતાઓને નજરઅંદાજ કરીને આ વિસ્તારમાં આવા વાતાવરણમાં સરકાર વિનાશકારી ઉદ્યોગને મંજુરી આપી કેમ શકે !!! GHCL કંપનીએ પોતાના પ્રોજેક્ટ રિપોર્ટમાં અહીં થનાર નુકસાનની વિગતો છુપાવવા ઘણા પ્રયત્નો કર્યા છે. એમના વેરાવળ નજીકના સુત્રાપાડા યુનિટને પોલ્યુશન બોર્ડ (GHCL) એ ત્યાંના હવા અને પાણીમાં જોખમી હદે પ્રદૂષણ કરવા માટે પ્લાન્ટ બંધ કરવાની નોટિસો વખતો વખત આપી છે . એટલે આવી ઝેરી કેમિકલ કંપનીને બાડા અને આસપાસના વીસ ગામ લોકોના શારીરિક અને માનસિક શાંતિને જોખમમાં મૂકવી કેટલી હદે વ્યાજબી છે તેવા અનેક પ્રશ્નો અને રોષ આ વિસ્તારના લોકોમાં જોવાઈ રહ્યો છે જે સરકાર માટે પણ આત્મમંથન નો વિષય બની રહેલ છે સરકાર સંવેદનશીલ બની લોકહિત માટે ખરેખર યોગ્ય ઉદ્યોગનીતિ બનાવે અને આવા ઉદ્યોગોને દૂર અનુરુપ સ્થળે ખસેડે તે સમયની માંગ છે આશા છે સરકારમાં બેઠેલા નેતાઓ અને સક્ષમ અધિકારીઓ આ વિગતોની પૂરી નોંધ લઈને ૧૭/૧૦/૨૨ના થનાર પોલ્યુશન બોર્ડ સુનાવણીને અટકાવશે તેવી આશા સ્થાનિકો રાખી રહ્યા છે ઘણા જાગૃત નાગરિકોએ કલેક્ટરશ્રી, (GHCL), ગુજરાત મુખ્યમંત્રીશ્રી, ભારતના વપ્રધાનશ્રી વગેરેને આ અંગે રજૂઆતો કરી છે.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે જ્યાં હજારો લોકો સાધના -ધ્યાન કરવા આવે છે , ઉપરાંત સ્થાનિક લોકો વગેરેનાં આરોગ્ય સામે ખતરો થાય એવા એકમોને પરવાનગી આપવામાં આવશે તો સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવાની તૈયારી સ્થાનિકો કરી રહ્યા છે સંવેદનશીલ સરકાર નાગરિકો પ્રત્યે સંવેદન રાખે એવી લોકો અપેક્ષા રાખી રહ્યા છે.

**બ્યુરો રિપોર્ટ ટેક્સ ટુડે**

◆ Year: 6, ◆ Issue No.12, ◆ Continue Issue No.72, ◆ Date: 15/10/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.